SECURING HUMAN FOUNDATION

⚠ AI ઠગાઈથી સાવધાન

જાગૃતિ એ જ સુરક્ષા

અવાજ ઓળખીતો, ચહેરો ઓળખીતો, છતાં સામે ઠગ હોઇ શકે છે!

AI ની મદદથી ઠગો હવે સ્વજનનો અવાજ, ચહેરો અને ફોટો મિનિટોમાં નકલી બનાવી શકે છે. પહેલા ખાતરી, પછી ભરોસો.



AI થી ઠગો કેવી રીતે છેતરે છે?

વૉઇસ ક્લોન કૉલ

સોશિયલ મીડિયાના વીડિયોમાંથી થોડી સેકન્ડનો અવાજ લઇ સ્વજનનો હૂબહૂ અવાજ બનાવે છે અને "અકસ્માત થયો છે, તરત પૈસા મોકલો" જેવો કૉલ કરે છે.

ડીપફેક વીડિયો કૉલ

ઓળખીતા વ્યક્તિ, બોસ કે પોલીસ અધિકારીનો નકલી ચહેરો બનાવી વીડિયો કૉલ કરે છે અને પૈસા કે ગુપ્ત માહિતી માંગે છે.

ફોટો મોર્ફિંગ અને બ્લેકમેઇલ

સોશિયલ મીડિયા પરના સામાન્ય ફોટાને AI થી અશ્લીલ બનાવે છે અને બદનામ કરવાની ધમકી આપી પૈસા પડાવે છે.

AI એપમાં ફોટો અપલોડનું જોખમ

મફત "AI ફોટો એડિટર", "કાર્ટૂન લુક" કે ટ્રેન્ડવાળી એપમાં મૂકેલા ફોટા, ચહેરાનો ડેટા અને ફોનની પરમિશનનો ખોટો ઉપયોગ થઇ શકે છે.

નકલી સેલિબ્રિટી રોકાણ જાહેરાત

જાણીતા નેતા, ક્રિકેટર કે ઉદ્યોગપતિનો ડીપફેક વીડિયો બતાવી "ગેરંટીવાળા નફા"ની ટ્રેડિંગ એપ કે સ્કીમમાં રોકાણ કરાવે છે.

AI થી બનેલા નકલી મેસેજ

AI થી લખાયેલા ભૂલ વગરના ઇમેઇલ, મેસેજ અને નકલી "કસ્ટમર કેર" ચેટબોટ એકદમ અસલી લાગે છે, એટલે સહેલાઇથી ભરોસો થઇ જાય છે.

છેતરપિંડી થાય તો તરત ડાયલ કરો 1930 | www.cybercrime.gov.in

SECURING HUMAN FOUNDATION

🛡 સુરક્ષિત રહો

પરિવાર માટે "સેફ્ટી પાસવર્ડ" બનાવો

AI અવાજ અને ચહેરો નકલી બનાવી શકે, પણ તમારા પરિવારનો ગુપ્ત શબ્દ નહીં!

1. **આજે જ નક્કી કરો** — એક ગુપ્ત શબ્દ (દા.ત. "લીલી છત્રી"), જે સોશિયલ મીડિયા પર ક્યાંય ન હોય.
2. **ફક્ત રૂબરૂ જણાવો** — WhatsApp, SMS કે ફોન પર ક્યારેય નહીં.
3. **પૈસા માંગતો કૉલ આવે તો પહેલા પાસવર્ડ પૂછો.** ન આવડે તો ફોન કાપી દો.
4. **વડીલો અને બાળકોને ખાસ શીખવો.** શંકા લાગે તો તરત પાસવર્ડ બદલો.

AI ઠગાઈથી પોતાને કેવી રીતે બચાવશો?

- ✓ **ઉતાવળ અને ડર = ખતરો.** "હમણાં જ પૈસા મોકલો" સાંભળો તો ચેતી જાઓ.
- ✓ **વીડિયો કૉલમાં ખાતરી કરો.** માથું ફેરવવા કહો — ડીપફેકમાં ચહેરો બગડે છે.
- ✓ **પ્રોફાઇલ પ્રાઇવેટ રાખો.** અવાજવાળા વીડિયો અને બાળકોના ફોટા જાહેરમાં ન મૂકો.
- ✓ **અજાણી AI એપમાં** અંગત ફોટા કે આધાર-PAN ક્યારેય અપલોડ ન કરો.
- ✓ **WhatsApp માં ટુ-સ્ટેપ વેરિફિકેશન** ચાલુ કરો, જેથી એકાઉન્ટ હેક ન થાય.
- ✓ **સેલિબ્રિટી રોકાણ જાહેરાતથી દૂર રહો.** ફક્ત SEBI રજિસ્ટર્ડ જગ્યાએ જ રોકાણ કરો.
- ✓ **બ્લેકમેઇલ થાય તો પૈસા ન આપો.** ભૂલ તમારી નથી — તરત ફરિયાદ કરો.
- ✓ **પોલીસ "ડિજિટલ અરેસ્ટ" કરતી નથી.** આવો વીડિયો કૉલ તરત કાપો.

🚨 છેતરપિંડી કે બ્લેકમેઇલ થાય તો તરત શું કરશો?

રાષ્ટ્રીય સાયબર ક્રાઇમ હેલ્પલાઇન

1930

24 × 7 · નિઃશુલ્ક

રાષ્ટ્રીય સાયબર ક્રાઇમ રિપોર્ટિંગ પોર્ટલ

www.cybercrime.gov.in

ઓનલાઇન ફરિયાદ નોંધાવો

1. **તરત 1930 પર ફોન કરો.** પહેલા કલાકમાં જાણ કરવાથી પૈસા અટકી શકે.
2. **પુરાવા સાચવો** — નંબર, સ્ક્રીનશૉટ, રેકોર્ડિંગ, ચેટ.
3. **ફરિયાદ નોંધાવો** — cybercrime.gov.in પર.
4. **નકલી ફોટો-વીડિયો** ને એપ પર "Report" કરી દૂર કરાવો.

🚫 **ફ્રોડ કૉલ / મેસેજની જાણ:** www.sancharsaathi.gov.in (ચક્ષુ) · 🔒 **અંગત કે મોર્ફ કરેલા ફોટા ફેલાતા અટકાવવા:** www.stopncii.org